પંચમહાલ-દાહોદ-ખેડા જિલ્લાના સભ્યોનો વિરોધ, પ્રતિનિધિત્વ મુદ્દે ઉઠ્યા પ્રશ્નો

# લાયન્સ ક્લબ ડિસ્ટ્રિક્ટ 3232 F1 ના વિભાજન મુદ્દે ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સમાં મતભેદ

**વિભાજન** પ્રસ્તાવને લઈને ચર્ચા વચ્ચે સભ્યો દ્વારા ધરણા અને સૂત્રોચ્ચાર



પ્રતિનિધિ ) વડોદરા તા.6

વડોદરા મુકામે તા. 5 એપ્રિલે યોજાયેલી લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 F1 ની ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સ દરમિયાન ડિસ્ટ્રિક્ટ વિભાજન મુદ્દે સભ્યો વચ્ચે મતભેદ સામે આવ્યા હતા. માહિતી મુજબ પંચમહાલ, દાહોદ અને ખેડા જિલ્લાના પ્રતિનિધિઓ દ્વારા ડિસ્ટ્રિક્ટના વિભાજન અંગે અગાઉ ઠરાવ મોકલવામાં આવ્યો હતો અને આ મુદ્દે બેલેટ દ્વારા મતદાન થવાનું હતું.

જોકે વિભાજન પ્રક્રિયા અંગે મતભેદ ઉભા થતા કોન્ફરન્સ દરમિયાન ચર્ચા ગરમાઈ હતી. કોન્ફરન્સ દરમિયાન કેટલાક સભ્યોએ પ્રતિનિધિત્વ સંબંધિત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિરોધ નોંધાવ્યો હતો અને સ્થળ પર ધરણા કરી "ન્યાય આપો"ના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર ડિસ્ટ્રિક્ટ 3232 F1 માં વડોદરા જિલ્લાની ક્લબોની સંખ્યા વધુ હોવાથી પંચમહાલ, દાહોદ અને ખેડા જિલ્લાના સભ્યોને પ્રતિનિધિત્વ ઓછું મળતું હોવાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

આથી ડિસ્ટ્રિક્ટને બે ભાગોમાં વહેંચી 3232 F1 અને 3232K તરીકે કાર્ય કરવાની દરખાસ્ત રજૂ થઈ હતી. વિભાજનથી બંને વિસ્તારોમાં નેતૃત્વના વધુ અવસરો, ગ્રાન્ટ અને સંસ્થાકીય કામગીરીમાં સંતુલન જળવાઈ રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે આ મુદ્દે અંતિમ નિર્ણય અંગે હજુ સ્પષ્ટતા ન થતાં ચર્ચાઓ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

# બોગસ ડોકટરોને દવાનું વેચાણ કરતા દવા વિક્રેતાઓની સામે કડક કાર્યવાહી

**ઔષધ** અને સૌંદર્ય પ્રસાધન ધારો-૧૯૪૦ ના નિયમોનો ભંગ બદલ પેઢીને કારણ દર્શક નોટીસ પાઠવી પેઢીના પરવાનાઓ કાયમી ધોરણે રદ્દ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરાની કચેરી દ્વારા બોગસ ડોકટરની ક્લિનીક ૠવારાહી ક્લિનીક ધરમપુરી, તા-ડભોઈ, જી-વડોદરા ખાતે એલોપેથીક દવાઓના સંગ્રહ બાબતે જિલ્લા આરોગ્ય તંત્રની સાથે રેડ કરવામાં આવી હતી. આ રેડમાં તપાસ અધિકારી શ્રી એ. એન. પટેલ. તત્કાલિન ઔષધ નિરીક્ષક, સુપર વિઝન અધિકાર શ્રી આર. એમ. પટેલ, તત્કાલિન મદદનીશ કમિશનર, અને ડૉ. એ. એચ. ઝાલા, મદદનીશ કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરાની ટીમને બોગસ ડોકટર અશ્વિનભાઈ ગૌરીશંકર પનોતની ક્લિનીકમાંથી વિશાળ જથ્થામાં એલોપેથીક દવાઓનો સંગ્રહ મળી આવ્યો હતો. આ જથ્થામાં મળી આવેલી દવાઓ તથા અન્ય મુદ્દામાલ અંગેની કાર્યવાહી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ સાથે બોગસ ડોકટરને દવા સપ્લાય કરનાર કલ્યાણ ફાર્મસી, વડી વાડી, રાવપુરા, વડોદરા નામની દવા વિક્રેતા પેઢીની પણ તપાસ તાજેતરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા દ્વારા કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કલ્યાણ ફાર્મસી ઉપર ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો-૧૯૪૦ ના નિયમોનો ભંગ કરી હોલસેલર પરવાને ધારક પેઢી બોગાસ ડોકટરને દવાઓનું વેચાણ કરી કર્યુ હોવાથી ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો-૧૯૪૦ ના નિયમો અનુસાર પેઢીને કારણ દર્શક નોટીસ પાઠવી પેઢીના પરવાનાઓ કાયમી ધોરણે રદ્દ કરવામાં આવ્યા છે.

ચૂંટણી આયોગના નિતિ નિયમોનુસાર આદર્શ આચાર સંહિતાનો અમલ

# વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને હથિયારબંધી

પ્રતિનિધિ ) વડોદરા તા.8

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલ કરવામાં આવી છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા /કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના નિતિ નિયમોનુસાર આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.

આ સાથે ચૂંટણી દરમ્યાન વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે થાય, તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહિ અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા વડોદરા, પોલીસ કમીશ્નર શ્રી નરસિમ્હા કોમાર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયારો જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૦૨ માં જે તે સબંધિત પોલીસ સ્ટેશનમાં ડીપોઝીટ કરાવી દેવા જણાવાયું છે.

આ આદેશ પોલીસ કમિશ્નર, વડોદરા શહેર તરફથી ઈસ્યુ કરાયેલ હથિયાર પરવાના સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર આપનાર સત્તાધિશો તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ વડોદરા શહેર, પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા હોય એવા વડોદરા શહેર મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાનાધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયાર સોંપણી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાનાધારકોને કરી શકશે નહિ તેમજ સબંધીત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનું ડીપોઝીટ કરાવેલ હથિયાર ચૂંટણીનુ પરીણામ જાહેર થયાના એક અઠવાડિયા બાદ તૂર્ત જ સંબંધિત વ્યક્તિને પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈપણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહિ. આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ સજાને પાત્ર ઠરે છે. તેમજ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે.

## ભરૂચના રતન તળાવમાં બ્યુટીફિકેશનનો 'કાળો' ચહેરો : હજારો માછલીઓના મોત, રોગચાળાની ભીતિ



■ ભરૂચ શહેરના ઐતિહાસિક રતન તળાવમાં બ્યુટીફિકેશનના કામ દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. તળાવમાં હજારો માછલીઓના રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યા છે, જેથી વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે અને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. તળાવની સપાટી પર મૃત માછલીઓ તરતી જોવા મળી રહી છે. સ્થાનિકોએ આશંકા વ્યક્ત કરી છે કે વિકાસના કામ માટે તળાવમાં કરવામાં આવતી ખોદકામ કે અન્ય પ્રક્રિયાઓને કારણે પાણીની ગુણવત્તામાં ફેરફાર થયો હોય અથવા તેમાં ઝેરી તત્વો ભળ્યા હોય. ઓક્સિજનના પ્રમાણમાં ઘટાડો કે પાણી દૂષિત થવું એ મૃત્યુનાં કારણો હોઈ શકે છે, જેની તપાસ જરૂરી છે. સ્થાનિક નગરજન શ્રદ્ધાબેન વસાવાએ જણાવ્યું, "મૃત માછલીઓની દુર્ગંધ એટલી તીવ્ર છે કે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. નાના બાળકો અને વૃદ્ધો માટે આ વાતાવરણ જોખમી છે. તંત્રએ તાત્કાલિક મૃત માછલીઓને દૂર કરીને પાણીની સફાઈ કરવી જોઈએ, અન્યથા રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત પણ ફેલાઇ છે.

# સુખસર પી.આઈ. એસ.એસ.વરુને શ્રીફળ અને ફુલહારથી સન્માનિત કરી વિદાય આપી

( પ્રતિનિધિ ) સુખસર,તા.6

સુખસર પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એસ.એસ. વરુનો વિદાય સમારંભ ભાવભીનાં વાતાવરણમાં યોજાયો હતો.આ પ્રસંગે નવા પી.આઈ. શ્રી એમ.એમ. રાઠોડ તથા સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા તેમને ફુલહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા.તેમજ શ્રીફળ અર્પણ કરીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. વિદાય સમારંભ દરમ્યાન ઢોલના નાદ સાથે કાર્યક્રમને વિશેષ ઉમંગ અને ઉત્સાહ ભર્યો બનાવવામાં આવ્યો હતો.જેના કારણે સમગ્ર માહોલ ભાવુકતા સાથે આનંદમય બની ગયો હતો.કાર્યક્રમ દરમ્યાન સ્ટાફના સભ્યો દ્વારા પી આઈ વરુ સાથે કામ કરવાનો અનુભવ યાદગાર રહ્યો હોવાનું વ્યક્ત કરવામાં આવ્યું હતું.



તેમના કાર્યકાળ દરમિયાન તેમણે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી કાયદો-વ્યવસ્થાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોવાનું જણાવાયું હતું.તેમજ ખાસ કરીને ચૂંટણી સમયે સુખસર તાલુકામાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી હોવાનું જોવા મળ્યું હતું. આ પ્રસંગે પત્રકાર મિત્રોને પણ વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પોલીસ સ્ટાફ,સ્થાનિક આગેવાનો તથા ઉપસ્થિત નાગરિકોએ મળીને તેમને ભાવભીની વિદાય આપી અને શુભકામનાઓ પાઠવી હતી.

સ્થાનીક સ્વરાજની ચૂંટણીઓ ને કારણે આચાર સંહિતા નો અમલ.

# કાલોલ બસ સ્ટેશનની દીવાલો ઉપર ની સરકારી જાહેરાતો ઉપર કૂચો ફેરવાયો

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ આદર્શ આચાર સંહિતા (Model Code of Conduct) નો અમલ શરૂ થઈ ગયો છે. પંચમહાલ જિલ્લાના કાલોલ શહેરમાં પણ તેની સીધી અસર જોવા મળી રહી છે.આચાર સંહિતાના નિયમો મુજબ, કોઈપણ સરકારી મિલકત પર રાજકીય પ્રચાર કે સરકારની સિદ્ધિઓ દર્શાવતી જાહેરાતો રાખી શકાય નહીં. આ અંતર્ગત કાલોલ બસ સ્ટેશન પર લેવામાં આવેલા પગલાંની વિગતો મુજબ જાહેરાતો પર કૂચો ફેરવાયો. કાલોલ બસ સ્ટેશનની દીવાલો પર લગાડવામાં આવેલી વિવિધ સરકારી યોજનાઓ અને સિદ્ધિઓ દર્શાવતી પેઈન્ટિંગ્સ તથા જાહેરાતો પર વહીવટી તંત્ર દ્વારા કૂચો ફેરવી (ચૂનો



લગાડી) તેને ભૂંસી નાખવામાં આવી છે.હોર્ડિંગ્સ અને બેનરો હટાવવાની કામગીરી બસ સ્ટેશન પરિસરમાં અને તેની આસપાસ લાગેલા રાજકીય નેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સ અને બેનરો પણ દૂર કરવામાં આવ્યા છે.ચૂંટણી પંચ દ્વારા આચાર સંહિતા લાગુ કરવાનો મુખ્ય હેતુ એ છે કે સમાન તક (Level Playing Field): સત્તાધારી પક્ષ સરકારી ખર્ચે પોતાની જાહેરાતો કરીને મતદારોને પ્રભાવિત ન કરી શકે. સરકારી તંત્ર અને મિલકતોનો ઉપયોગ કોઈપણ પક્ષના પ્રચાર માટે ન થાય તે સુનિશ્ચિત કરવું.ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ નિયમો અમલમાં રહેશે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે જેથી આચાર સંહિતાનો ભંગ ન થાય.

હડમતના ઘાયલ યુવાનનુ ઝાલોદ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો

# વડોદરામાં ખાદ્ય સુરક્ષા અભિયાન, પાલિકા દ્વારા 58,500નો દંડ

ચણાદાળ, બેસન અને પનીરના નમૂના અપ્રમાણસર, તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી

(પ્રતિનિધિ), વડોદરા. તા.6

શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા ખાદ્ય એકમો સામે વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખાએ લાલ આંખ કરી છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના હેઠળ સીનીયર ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરી કુલ 45 જેટલા નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જે પૈકી 4 નમૂનાઓ લેબોરેટરી રિપોર્ટમાં અપ્રમાણસર જાહેર થયા છે.

પાલિકા દ્વારા અગાઉ લેવામાં આવેલા નમૂનાઓ પૈકી 4 એકમોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જેમાં માંજલપુર સ્થિત રીલાયન્સ રીટેલ લિમિટેડમાંથી લેવાયેલ લુઝ ચણાદાળનો નમૂનો તપાસમાં 'અનસેફ' જાહેર થયો છે. ડભોઈ-વાઘોડિયા રિંગ રોડ પર આવેલ 'વ્રજ ફુડ્સ'નો બેસન, હાથીખાનાના 'શ્રી માધવ ટ્રેડર્સ'નો હળદર પાવડર અને છાણી રોડ પરના 'ગોકુલ ટ્રેડર્સ'નો પનીરનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો છે. ખોરાક શાખા દ્વારા કારેલીબાગ, માંજલપુર, અટલાદરા અને વાઘોડિયા રોડ સહિતના વિસ્તારોમાં 20 જેટલા એકમો પર તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન કેરીનો રસ, આઈસક્રીમ, પનીર, મસાલા અને તેલ સહિત કુલ 45 નમૂનાઓ ટેસ્ટીંગ માટે ફતેગંજ સ્થિત લેબોરેટરીમાં મોકલાયા છે. ગંદકી અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ બદલ વેપારીઓ પાસેથી કુલ 58,500નો દંડ વસૂલવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રીની સૂચના અનુસાર, હોટલ અને રેસ્ટોરન્ટમાં અસલી પનીર કે ચીઝના બદલે 'એનાલોગ' (વનસ્પતિ ફેટમાંથી બનેલા પદાર્થો) ના વેચાણ સામે ખાસ અભિયાન છેડાયું છે. શહેરની 107 રેસ્ટોરન્ટ અને 10 ધાબા સહિત કુલ 125 એકમોમાં તપાસ કરાઈ હતી. જો કોઈ વેપારી એનાલોગ પદાર્થ વાપરતા હોય, તો ગ્રાહકોને દેખાય તે રીતે બોર્ડ કે મેનુકાર્ડમાં દર્શાવવું ફરજિયાત છે. આ નિયમનો ભંગ કરનાર 7 વેપારીઓને શીડ્યુલ-4 મુજબની નોટિસ ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખાદ્ય સુરક્ષાના ધોરણોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે ફુડ સેફ્ટી એક્ટ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## વડોદરામાં સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની ટૂંકી મુલાકાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

હિઝ હોલીનેસ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) સાહેબ મધ્યપ્રદેશના અલીરાજપુર, છોટા ઉદેપુર અને પાવીજેતપુરની મુલાકાત પૂર્ણ કરીને ટૂંકા સમય માટે વડોદરા પધાર્યા હતા. મુલાકાત દરમિયાન તેઓ પાનિગેટ દરવાજા પાસે આવેલ સૈયદી મૂસનજી બિન તાજ શહીદની ઝિયારત માટે ગયા હતા. ત્યારબાદ તેઓ સરદાર એસ્ટેટ સ્થિત બુરહાની મસ્જિદ ખાતે પહોંચ્યા હતા, જ્યાં આશરે 4,000 જેટલા શ્રદ્ધાળુઓએ તેમના દર્શનનો લાભ લીધો હતો. મુલાકાત પૂર્ણ થયા બાદ તેઓ વડોદરા એરપોર્ટ પરથી ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા મુંબઈ માટે રવાના થયા હતા.આમ સમગ્ર દિવસ દરમિયાન વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો અને સાથેસાથે મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

નવી પેઢીને તેમના જીવનની ફિલસૂફી સમજવાનો અવસર મળશે

# નાટ્યકલા વિભાગ દ્વારા ચં.ચી. મહેતાના જીવન પર આધારિત નાટક અલકમલકની ચીજ ચં.ચીનું મંચન

( પ્રતિનિધિ )વડોદરા,તા.6

40 મિનિટની આ નાટ્ય પ્રસ્તુતિનો પ્રારંભ ચં.ચીના પ્રખ્યાત નાટક હોહોલિકાની શૈલીમાં રંગલો - રંગલીના સંવાદોથી થાય છે. નાટકમાં ચં.ચીના આકાશવાણીના સંસ્મરણો, તેમની આશુશક્તિ અને તેમના અંગત જીવનની ઉદારતાના પ્રસંગોને અત્યંત સંવેદનશીલતાથી વણી લેવામાં આવ્યા છે. ખાસ કરીને બ્રિટિશ શાસન સામેની તેમની નીડરતા અને ધારાસભા નાટક પરના પ્રતિબંધના કિસ્સાઓ આ પ્રસ્તુતિનું મુખ્ય આકર્ષણ છે. નાટકમાં ચં.ચી, જ્યોતીન્દ્ર દવે અને બાદરાયણ સાથે આકાશવાણીમાં પ્રસ્તુતિ આપવા જાય છે અને સ્ક્રિપ્ટ ભૂલી જવા છતાં પોતાની આશુશક્તિથી સ્ટેશન ડાયરેક્ટર બુખારી સાહેબને પ્રભાવિત કરી આકાશવાણીમાં જોડાય છે તે પ્રસંગને અત્યંત રોચક રીતે રજૂ કરાયો છે. ચં.ચીના જીવનનો સૌથી મર્મસ્પર્શી



પ્રસંગ તેમના પત્ની વિલાસ અને માણેક ગાંધીના સંબંધોનો સ્વીકાર અને પત્નીને સન્માનપૂર્વક મુક્તિ આપવા માટે પોતાની પર આરોપ લેવાની તેમની ઉદારતા, જે પાછળથી આણલદે નાટકનું પ્રેરણાસ્રોત બની, તેને અત્યંત સંવેદનશીલતાથી આલેખવામાં આવી છે. બ્રિટિશ સરકાર વિરુદ્ધની પ્રવૃત્તિઓ અને ધારાસભા નાટક પર મુકાયેલા પ્રતિબંધના કિસ્સા દ્વારા ચં.ચીની નીડરતા અને તેમના કટાક્ષમય બંધારણવાદને ભાણાભાઈના મૃત્યુ પ્રસંગ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. આ નાટકના દિગ્દર્શક અને એસો. પ્રોફેસર રાકેશ એન. મોદીએ જણાવ્યું હતું કે, આ પ્રસ્તુતિમાં અમે ચં.ચીના બહુઆયામી વ્યક્તિત્વને નાટ્યજલી આપવા માટે પરંપરાગત અને આધુનિક નાટ્યશૈલીનો સમન્વય કર્યો છે. પ્રેક્ષકોને આ નાટક દ્વારા માત્ર એક સાહિત્યકારના જીવનની ઝલક જ નહીં, પરંતુ એક ક્રાંતિકારી રંગકર્મીના અંતરતમ સંઘર્ષો અને તેમની નિરંતર વહેતી સર્જનધારાનો અનુભવ થશે. વિભાગના અસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ દર્શન પુરોહિતે જણાવ્યું હતું કે, ચં.ચી માત્ર લેખક નહોતા, પણ પોતે એક જીવંત રંગમંચ હતા.

## કાલોલના અલવા આંટા રિક્ષા પલ્ટી ખાઈ જતા બે મહિલાઓ ઈજાગ્રસ્ત


કાલોલ : કાલોલ પોલીસ સ્ટેશનમાં તરવડા ગામના દીક્ષિતભાઇ પટેલ દ્વારા નોંધાવેલ ફરીયાદની વિગત જોતા ગત ૨૯/૦૩ ના રોજ તેઓના માતા લીલાબેન ગામના અન્ય મહિલા વિદ્યાબેન સાથે રાબોડ ગામે સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા માટે સીએનજી રિક્ષા જીજે ૦૬ એ ડબલ્યુ ૫૫૬૧ મા બેસીને જતા હતા ત્યારે રિક્ષા ચાલકે અલવા આંટા અમૃત વિધાલય પાસે રોડ ઉપર પુરઝડપે પોતાનું વાહન ચલાવી રોડ ઉપર રીક્ષા પલટી ખવડાવી દેતા રિક્ષામાં બેસેલા વિધાબેનને ડાબા હાથે અને શરીરે ઈજાઓ પહોંચી હતી જ્યારે ફરિયાદીના માતા લીલાબેનને ડાબા ખભાને ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યાં વિદ્યાબેનને દાખલ કરી લીલાબેનને વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા જેબાદ તેઓના પુત્ર દ્વારા કલોલ પોલીસ સ્ટેશનમાં સીએનજી રિક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વોટ માંગવા આવવું નહિ તેવો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ

# વેજલપુરમાં નાની કાછીયાવાડના રહીશોપાયાની સુવિધાઓથી વંચિત

(પ્રતિનિધિ) વડોદરા તા.૬

એક તરફ ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ની તારીખ જાહેર કરવામાં આવી છે ત્યારે તમામ રાજકીય પાર્ટી ના હોદ્દેદારો પાર્ટી ના બેનર ઉપર મેન્ડેટ મેળવવા એડીચોટીનું જોર લગાવી રહયા છે તો બીજી તરફ નાની કાછીયાવાડ ના જાગૃત નાગરિક દ્વારા નાની કાછીયાવાડ ના બન્ને ફળિયામાં વોટ માગવા આવવું નહી નહીં તો અપમાન થશે. તેવો મેસેજ સોશિયલ મીડિયા ના માધ્યમથી વોટ્સએપ ગૃપો માં વાયરલ કર્યો છે તેમજ નાની કાછીયાવાડ ના જાગૃત નાગરિક દ્વારા વોટ્સએપ ના માધ્યમ થી જીલ્લા કલેકટર જીલ્લા વિકાસ અધિકારી તાલુકા વિકાસ અધિકારી તેમજ સ્થાનિક તલાટી ક્રમ મંત્રી ને મેસેજ મોકલી જાણ કરવામાં આવી છે કે કાલોલ તાલુકાના વેજલપુર નાની કાછીયાવાડ માં રોડ રસ્તા પીવાના પાણી સુવિધાઓ મળતી નથી જેથી વોટ




માગવા આવવું નહી નહીતો અપમાન થશે નાની કાછીયાવાડના રહીશો ને રોડ રસ્તો પીવાના પાણીના સમસ્યાઓને લઈને આંદોલન કરશે કોઈ નેતાએ વોટ માંગવા આવવું નહિ નાની કાછિયાવાડ વેજલપુરના બન્ને ફળિયામાં વોટ માગવા આવવું નહીં નહીતો અપમાન થશે. નાની કાછીયાવાડના રહીશો તેવો મેસેજ સોશિયલ મીડિયા માં વાયરલ કર્યો છે જેથી સ્થાનિક વેજલપુર ગ્રામ પંચાયત ઉપર સવાલો ઉભા થયા છે જ્યારે કેન્દ્ર ની ભારતીય જનતા પાર્ટી ની સરકાર વિકાસ માટે દરેક ગામોમાં નલ સે જલ યોજના ૧૫ મુ નાણાં પંચ સાંસદ સભ્ય ની ગ્રાન્ટ ધારાસભ્ય ની ગ્રાન્ટ એટી વીંટી ગ્રાન્ટ સહિત વિવિધ યોજના થકી દરેક ગામોમાં લાખો રૂપિયાની ગ્રાન્ટો ની ફાળવણી કરવામાં આવે છે અને દરેક ગામોને વિકાસ ની ગતિએ પોહચાડવા માટે પ્રયત્નો કરવામાં આવે છે ત્યારે સ્થાનિક વેજલપુર ગ્રામ પંચાયત ને લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવેલ હોવા છતાં ગામજનો ને પાયાની સુવિધાઓ પુરી પાડવામાં નિષ્ફળ ગયેલ છે જેથી વેજલપુર નાની કાછિયાવાડ બન્ને ફળિયામાં વોટ માગવા આવવું નહીં નહીતો અપમાન થશે. નાની કાછીયાવાડના રહીશો તેવો મેસેજ સોશિયલ મીડિયા માં વાયરલ કર્યો છે અને જીલ્લા કલેકટર જીલ્લા વિકાસ અધિકારી તાલુકા વિકાસ અધિકારી ને વોટ્સએપ ના માધ્યમ થી જાણ કરવામાં આવી છે.

પાણીમાં રેલાયો વિજયનો નાદ

# વડોદરાના અરુશ લાંજેવારે સ્વિમિંગમાં સર્જ્યો નવો નેશનલ રેકોર્ડ

પ્રતિનિધિ ) વડોદરા તા.8

કહેવાય છે કે 'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી', અને આ વાક્યને સાર્થક કરી બતાવ્યું છે વડોદરાના યુવા તરવૈયા અરુશ લાંજેવારે. અમદાવાદના આંગણે રમાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં અરુશે પોતાની ગતિ અને મહેનતથી પાણીમાં એવા ફાંટા પાડ્યા કે જોનારા જોતા જ રહી ગયા! પાંચ મેડલની હેટ્રિકથી વધુ રેકોર્ડબ્રેક પ્રદર્શન. અમદાવાદના પ્રતિષ્ઠિત સરદાર પટેલ સ્ટેડિયમ સ્વિમિંગ પૂલ ખાતે ૨૦ થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન ૨૭મી નેશનલ ડેફ સિનિયર સ્વિમિંગ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. આ ચેમ્પિયનશિપમાં દેશભરના પ્રતિભાશાળી ખેલાડીઓ વચ્ચે અરુશે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા મેડલ્સની વણઝાર લગાવી દીધી હતી. શાંત પાણીમાં તરતો આ યુવાન, પોતાની મર્યાદાઓને પાછળ મૂકી આગળ વધતો રહ્યો, અને પરિણામે, તેણે માત્ર મેડલ્સ જ નહીં, પરંતુ એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ પોતાના નામે નોંધાવ્યો. અરુશે આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં કુલ પાંચ મેડલ્સ જીત્યા , જેમાં એક ગોલ્ડ, ત્રણ સિલ્વર અને એક બ્રોન્ઝનો સમાવેશ થાય છે. પરંતુ આ તમામમાં સૌથી ચમકતું સિદ્ધિ પળ હતી 100 મીટર બટરફ્લાય ઈવેન્ટ, જ્યાં તેણે ગોલ્ડ મેડલ જીતતા સાથે નવો નેશનલ રેકોર્ડ સ્થાપ્યો. આ ક્ષણ માત્ર



જીત નહીં, પરંતુ તેની મહેનત અને પ્રતિબદ્ધતાનો શ્રેષ્ઠ પુરાવો હતી.તેના અન્ય મેડલ્સ પણ એટલાજ પ્રભાવશાળી રહ્યા , 50 મીટર ફ્રીસ્ટાઇલ, 50 મીટર બટરફ્લાય અને 100 મીટર ફ્રીસ્ટાઈલમાં સિલ્વર મેડલ્સ, જ્યારે 200 મીટર ઈન્ડિવિજ્યુઅલ મેડલીમાં બ્રોન્ઝ મેડલ મેળવી તેણે પોતાની સર્વાંગી પ્રતિભા દર્શાવી. વડોદરાના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રોજિંદી મહેનત કરતો અરુશ માત્ર એક ખેલાડી નથી, પરંતુ એક પ્રેરણા છે. કોચ વિવેક સિંહ બોરલિયા અને કૃષ્ણ પંડ્યાના માર્ગદર્શન હેઠળ, તેમજ ટ્રેનર્સ સુબોધ કુમાર અને બિપિન કુમારની સહાયથી, તેણે પોતાના રમતકૌશલ્યને સતત ઘસ્યું છે. આ ટીમના સંયુક્ત પ્રયત્નો આજે આ સફળતામાં રૂપાંતરિત થયા છે.આ ચેમ્પિયનશિપ ઓલ ઈન્ડિયા સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા આયોજિત અને ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા સંચાલિત હતી.

## ભરૂચ સબજેલમાં ઝડતી સ્કવોર્ડનો સપાટો: બાથરૂમની બારી પરથી 4 મોબાઈલ મળી આવ્યા

ભરૂચ : ભરૂચ સબજેલમાં સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ઘટના ફરી એકવાર પ્રકાશમાં આવી છે, જેમાં જેલની અંદરથી પ્રતિબંધિત ગણાતા 4 મોબાઈલ ફોન અને 3 સીમકાર્ડ મળી આવતા જેલ પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે. આ સમગ્ર મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના જેલ અને સુધારાત્મક વહીવટ વિભાગના પોલીસ મહાનિર્દેશકની મૌખિક સૂચના મુજબ ભરૂચ સબજેલમાં ઓચિંતી તપાસ માટે ઝડતી સ્કવોર્ડ ત્રાટકી હતી.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

વડોદરા શહેરના ગોલ્ડન જંકશન આજવા જંકશન કપુરાઈ જંકશન વાઘોડિયા જંકશન અને તરસાલી જંકશન પર નવીન વરસાદી ગટર (Box Culvert) નાખવા અંગે અત્રેથી ઇજારદાર મે. શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. હાલમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા સફળતા પૂર્વક વાઘોડિયા જંકશન, કપુરાઇ જંકશન તથા તરસાલી જંકશન ખાતે સમાન પ્રકારની કામગીરી પૂર્ણ કરેલ છે, આથી ઉક્ત પૈકી બાકી રહેલ ગોલ્ડન જંકશન ખાતે વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર કરવાને કારણે સદર કામગીરી માટે ઉપરોક્ત જંશકન પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી, સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ હાલના તબક્કે ગોલ્ડન જંકશન પર **તા.૦૭.૦૪.૨૦૨૬** થી આગામી **દિન-૧૫ થી ૨૦** સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો બંધ રહેશે. તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોક્ત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

**પી..આર.ઓ.નં.પ/૨૦૨૬-૨૭ ડ્રેનેજ-વ.ગટર પ્રોજેકટ શાખા દ્વારા પ્રકાશિત**